EDએ સુભાષ ચંદ્રા સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો

ચંદ્રાએ લોન મેળવવા પોતાની મિલકતો વધારીને દર્શાવી હોવાની LICHFLની ફરિયાદના આધારે સીબીઆઇએ નોંધેલા કેસના આધારે ઇડીએ કેસ દાખલ કર્યો

નવી દિલ્હી, તા. ૨(પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરોટ(ED)એ લાઈફ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (LICHFL) ને ૧,૩૨૨ કરોડ રૂપિયાનું નુકસાન પહોંચાડનારા કથિત લોન કૌભાંડ સંબંધિત મામલામાં મીડિયા મહારથી સુભાષ ચંદ્રા સામે મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, CBIની FIRની નોંધ લઈને પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(PMLA) હેઠળ આ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ આરોપોનો જવાબ આપતા, ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝિસ લિ.ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ED એ સુભાષ ચંદ્રા સામે વ્યક્તિગત ક્ષમતામાં કેસ નોંધ્યો છે અને તેનો કંપની કે તેના કામકાજ સાથે કોઈ સંબંધ નથી. પ્રવક્તાએ જણાવ્યું કે કંપની સ્પષ્ટ કરવા માંગે છે કે આ બાબતો ડૉ. સુભાષ ચંદ્રા અને પ્રમોટર સંસ્થાઓ સાથે સંબંધિત છે અને તેનો 'ઝી' અથવા તેની કામકાજ સાથે કોઈપણ પ્રકારે કોઈ સંબંધ નથી. CBIએ અગાઉ LICHFLની ફરિયાદના આધારે કેસ નોંધ્યો હતો, જેના આધારે ED એ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે.



અમેરિકાના સૂકાભઠ કોલોરાડો વિસ્તારમાં ભારે વરસાદ અને પૂર

મોટા પાયે લોકોને સલામત સ્થળે ખસેડાયા, એક વ્યક્તિ લાપતા

આર્વાડા(અમેરિકા), તા. ૨: દક્ષિણ-પશ્ચિમ અમેરિકામાં રવિવારે ભારે વરસાદના કારણે અચાનક પૂર આવ્યું હતું અને લોકોને ફરજિયાત સ્થળાંતર કરવું પડ્યું હતું. સામાન્ય રીતે સૂકા રહેતા આ પ્રદેશમાં રહેવાસીઓએ વધુ એક ભારે વરસાદનો સામનો કરવો પડ્યો.

કોલોરાડોના પર્વતીય વિસ્તારમાં આવેલા અને સ્કી રિસોર્ટ તથા ગરમ પાણીના ઝરા માટે જાણીતા પગોસા સ્પ્રિંગ્સના રહેવાસીઓ તેમની મુખ્ય નદીના ઐતિહાસિક સપાટીએ પહોંચે તે સંજોગો માટે તૈયારી કરી રહ્યા હતા. નગર અધિકારીઓએ ફેસબુક પર ચેતવણી આપી હતી કે જો સેન જુઆન નદી રવિવારે મોડી રાત્રે ૨૦ ફૂટથી વધુ ઊંચાઈએ વહેશે, તો 'વિનાશક પૂર' આવી શકે છે. આર્ચુલેટા કાઉન્ટી શેરીફની ઓફિસે એક અલગ ફેસબુક પોસ્ટમાં જણાવ્યું, "આ આગાહીને સમજવા માટે એ જાણવું જરૂરી છે કે ૧૯૧૧ના વિનાશક પૂર વખતે, જેણે તે સમયના મોટાભાગના પગોસા શહેરને નષ્ટ કરી દીધું હતું, ત્યારે સેન જુઆન નદી અંદાજે ૧૭.૮ ફૂટની સપાટીએ પહોંચી હતી. આ એક સંભવિત વિનાશક પૂરની ઘટના છે."

અનેક યુરોપિયન દેશોના સુપરમાર્કેટોના ફ્રીઝરો ફરી સાયબર હુમલાનો ભોગ બન્યા

સ્વીડન, બેલ્જિયમ, લક્ઝમબર્ગ, આયર્લેન્ડ અને એસ્ટોનિયાની સુપરમાર્કેટોમાં ફ્રીઝર અને રેફ્રિજરેટરોમાં સમસ્યાઓ સર્જાઇ

દેખીતા સાયબર હુમલામાં ફ્રીઝરો અને રેફ્રિજરેટરોનું તાપમાન ૫૦ ડીગ્રી સેલ્સિયસ પર સેટ કરી દેવાયું, ખોરાકી ચીજવસ્તુઓ બગડી જતા ફેંકી દેવી પડી

ગયા મહિને ફ્રાન્સમાં થયેલા આવા સાયબર હુમલા પછી બીજો બનાવ



સ્ટોકહોમ, તા. 2(AP): સોમવારે સ્વીડન, બેલ્જિયમ, લક્ઝમબર્ગ, આયર્લેન્ડ અને એસ્ટોનિયાની સુપરમાર્કેટોમાં ફ્રીઝર અને રેફ્રિજરેટરોમાં સમસ્યાઓ સર્જાઈ હતી, જેનું કારણ દેખીતી રીતે સાયબર હુમલાઓ હતા. આના કારણે કેટલાક સ્ટોર્સે બગડેલો ખોરાક ફેંકી દેવાની ફરજ પડી હતી.

આ સમસ્યાઓ ગયા મહિનાની એક ઘટના બાદ સામે આવી છે, જેમાં હુમલાખોરોએ ફ્રાન્સભરના સેંકડો સુપરમાર્કેટો અને સ્વતંત્ર સ્ટોર્સમાં રેફ્રિજરેશન સિસ્ટમ્સનો રિમોટલી કબજો મેળવી લીધો હતો અને તાપમાન ખૂબ વધારી દીધું હતું.

સ્વીડનમાં, 'ICA ગ્રૂપ' સુપરમાર્કેટ ચેઈનના પ્રવક્તા ગુસ્તાફ નિલસને ન્યૂઝ એજન્સી TTને જણાવ્યું કે રાતોરાત બનેલી એક ઘટનાથી રેફ્રિજરેશન અને ફ્રીઝિંગ સિસ્ટમ્સ પ્રભાવિત થઈ હતી, જેનાથી "મર્યાદિત સંખ્યામાં" સ્ટોર્સ અસરગ્રસ્ત થયા છે. તેમણે ચોક્કસ સંખ્યા જણાવવાનો ઇનકાર કર્યો હતો.

રામ મંદિર દાન ઉચાપત કેસ: સ્વતંત્ર તપાસ માગતી અરજીઓની સુનાવણી સુપ્રીમે બંધ કરી

આ કેસમાં SIT દ્વારા ચાર્જશીટ નીચલી કોર્ટમાં મૂકાઇ છે તેવી યુપી સરકારની રજૂઆત માન્ય રાખી

સ્થાનિક કોર્ટમાં કાર્યવાહી આગળ ધપાવવા આદેશ, અરજદારોને અયોધ્યા કોર્ટમાં જ જવા સૂચના

નવી દિલ્હી, ૨ નવેમ્બર (પીટીઆઈ): એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમમાં, સુપ્રીમ કોર્ટે સોમવારે અયોધ્યા રામ મંદિર દાન ઉચાપત કેસની સ્વતંત્ર તપાસની માંગ કરતી અરજીઓ પરની કાર્યવાહીઓ બંધ કરી દીધી છે. કોર્ટે જણાવ્યું કે હવે સ્થાનિક કોર્ટ આરોપીઓ સામેના કેસમાં ટ્રાયલ આગળ વધારશે.

ઉત્તર પ્રદેશ સરકારની રજૂઆતને ધ્યાનમાં લેતા, જેમાં જણાવવામાં આવ્યું હતું કે સર્વોચ્ચ અદાલત દ્વારા નિયુક્ત સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ(SIT) દ્વારા આ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે, મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું કે હવે રાજ્ય "કાયદાનુસાર" ટ્રાયલ આગળ વધારી શકે છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(BNSS)ની એક જોગવાઈને ધ્યાનમાં લેતા, ન્યાયાધીશો જ્યોતિમય બાગચી અને વી મોહનાનો સમાવેશ કરતી બેન્ચે જણાવ્યું કે "ચૂંટણી અથવા જાહેર હિતનું તત્ત્વ સામેલ હોવાથી", ગુનાના પીડિતની જેમ જ રિટ અરજદારોને પણ અયોધ્યાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને આગામી ટ્રાયલમાં મદદ કરવાની છૂટ આપવામાં આવે છે.

આ કેસની અરજીઓ પર પૂર્ણવિરામ મૂકતાં બેન્ચે સ્પષ્ટ કર્યું કે તેણે કેસના ગુણદોષ પર કોઈ ટિપ્પણી કરી નથી. "ઉત્તર પ્રદેશ સરકારે સ્ટેટસ રિપોર્ટ દાખલ કર્યો છે, જે મુજબ આ કેસમાં હવે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે.

નૌકાદળ માટે 8 નેક્સ્ટ જનરેશન યુદ્ધ જહાજો ખરીદવા રૂ. 53,866 કરોડના કરાર

ચીનના વધતા જતા પ્રભાવ વચ્ચે હિંદ મહાસાગરમાં લડાયક ક્ષમતા મજબૂત કરવા બે સરકારી શિપબિલ્ડર્સ સાથે રક્ષા મંત્રાલયે રૂ. 53,000 કરોડથી વધુના કરાર કર્યા

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): રક્ષા મંત્રાલયે સોમવારે જણાવ્યું હતું કે તેણે હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચીનની વધતી જતી ઘૂસણખોરી અને પ્રવૃત્તિઓ વચ્ચે ભારતીય નૌકાદળની લડાયક ક્ષમતાને વધુ મજબૂત કરવા માટે 8 નેક્સ્ટ જનરેશન યુદ્ધ જહાજો (કોર્વેટ્સ)ની ખરીદી માટે બે સરકારી શિપબિલ્ડર્સ સાથે રૂ. 53,866 કરોડના કરાર કર્યા છે.

આ કરાર ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (જીઆરએસઈ) અને ગોવા શિપયાર્ડ લિમિટેડ (જીએસએલ) સાથે કરવામાં આવ્યા છે.

ગવર્નરથી માંડીને સિટી કાઉન્સિલર સુધી

અમેરિકામાં અનેક પદો માટે ભારતીય ઉમેદવારો ચૂંટણી જંગમાં

ઓહાયોના ગવર્નરપદની દોડમાં રહેલા રિપબ્લિકન વિવેક રામાસ્વામી સૌથી ચર્ચિત, જો ચૂંટાશે તો ભારતીય મૂળના ત્રીજા ગવર્નર બનશે

રો ખન્ના, પ્રમિલા જયપાલ સહિતના વર્તમાન સાંસદો ફરીથી ચૂંટાવા માટે મેદાનમાં છે, અન્ય હોદ્દાઓ માટે પણ અનેક ચૂંટણી સ્પર્ધામાં

વોશિંગ્ટન, તા. ૨(પીટીઆઈ): ગવર્નરથી લઈને સિટી કાઉન્સિલ મેમ્બર સુધીના પદો માટે ભારતીય અમેરિકન ઉમેદવારો બાવન લાખની વસ્તી ધરાવતા સમુદાય માટે સત્તામાં હિસ્સો મેળવવાના હેતુથી મંગળવારે યોજાનારી અમેરિકી મિડટર્મ ચૂંટણીની રેસમાં મેદાને ઉતર્યા છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થન સાથે રિપબ્લિકન વિવેક રામાસ્વામી ઓહાયોના ગવર્નર પદ માટે ચૂંટણી લડી રહ્યા છે અને ડેમોક્રેટ એમી એક્ટન સાથે તેમની વચ્ચે જંગ જામ્યો છે. જો તેઓ ચૂંટાઈ આવશે, તો બોબી જિંદાલ(લુઈસિયાના) અને નિક્કી હેલી(સાઉથ કેરોલિના) પછી રામાસ્વામી ભારતીય મૂળના ત્રીજા ગવર્નર બનશે.

મંગળવારની મિડટર્મ ચૂંટણીમાં જ્યાં અનેક ભારતીય-અમેરિકન ઉમેદવારો મેદાનમાં છે, ત્યારે સૌપ્રથમ દિલીપ સિંહ સાઉંડે ૧૯૫૬માં યુએસ હાઉસ ઓફ રેપ્રેઝન્ટેટિવ્સમાં ચૂંટાઈને ઈતિહાસ રચ્યો હતો. અમૃતસરમાં જન્મેલા સાઉંડ કોંગ્રેસમાં ચૂંટનારા પ્રથમ એશિયન અમેરિકન અને પ્રથમ શિખ બન્યા હતા. તેમણે યુએસ હાઉસમાં ત્રણ ટર્મ સુધી સેવા આપી હતી. તેલંગાણામાં જન્મેલા મેરીલેન્ડના લેફ્ટનન્ટ ગવર્નર અરુણા મિલર આ મજબૂત ડેમોક્રેટિક રાજ્યમાં પુનઃચૂંટાઈ આવવા માટે પ્રયાસ કરી રહ્યા છે, જ્યારે અમેરિકાના બીજા સૌથી મોટા શહેર લોસ એન્જલસના મેયર બનવાની રેસમાં નિત્યા રામન સામેલ છે.

ઈરાન અમેરિકા સાથે વાટાઘાટો માટે તૈયાર

ઈરાની પ્રમુખ પેઝેશ્કિયને યુએસ સાથે વાટાઘાટો માટે સર્વોચ્ચ નેતા પાસેથી વિશેષ સત્તા મળવાની કરી પુષ્ટિ

જો અમેરિકા ઈરાનની શરતો સ્વીકારે, તો તે 2 દિવસમાં હોર્મુઝ ખોલશે

દુબઈ, 2 નવેમ્બર, 2026 (એપી): પશ્ચિમ એશિયામાં વધી રહેલા લશ્કરી તણાવ વચ્ચે ઈરાને અમેરિકા સાથે અણુ વાટાઘાટો પુનઃ શરૂ કરવા અને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (સામુદ્રધુની) ખુલ્લી મૂકવા માટે બે દિવસીય નવી યોજનાની જાહેરાત કરી છે.

ઈરાની પ્રમુખ મસૂદ પેઝેશ્કિયને સ્પષ્ટ કર્યું છે કે ઈરાનના સર્વોચ્ચ નેતા મુજતબા ખામેનેઈએ મધ્ય પૂર્વના યુદ્ધનો અંત લાવવાના હેતુથી અમેરિકા સાથે વાટાઘાટો અને મધ્યસ્થીઓ મારફતે સંદેશા વ્યવહાર આગળ ધપાવવા માટે સરકારને વિશેષ કાનૂની સત્તાઓ આપી છે.

પેજ 3

શાહરૂખ ખાને 61મા જન્મદિવસે 'મન્નત'ની બાલ્કનીમાંથી ચાહકોનું કર્યું અભિવાદન



મુંબઈ, તા. 2: અભિનેતા શાહરૂખ ખાને પોતાના 61મા જન્મદિવસે મન્નતની બાલ્કનીમાંથી એકઠા થયેલા ચાહકોનું અભિવાદન કર્યું હતું. અભિનેતાએ પોતાનો સિગ્નેચર પોઝ આપીને ચાહકોના પ્રેમનો સ્વીકાર કર્યો હતો. આ પહેલાં શાહરૂખ ખાને પોતાના 61મા જન્મદિવસે દક્ષિણ મુંબઈની તાજ હોટેલ બહાર રાહ જોઈ રહેલા ચાહકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

કૃષ્ણ સ્તુતિને ખોટી રીતે દર્શાવવા બદલ મીડિયા આઉટલેટ પર અમિતાભ બચ્ચન લાલઘૂમ

નવી દિલ્હી, તા. 2 (PTI) સામાન્ય રીતે શાંત રહેતા અમિતાભ બચ્ચને સોમવારે ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિમાં કહેવાયેલા પોતાના શબ્દોને ખોટી રીતે રજૂ કરવા બદલ એક મીડિયા આઉટલેટ પર આકરા પ્રહારો કર્યા હતા. બચ્ચને એક ગુસ્સા ભરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે, તેમના 5 કરોડ ફોલોઅર્સમાંથી 10 ટકા ફોલોઅર્સ પણ વળતો પ્રહાર કરવા માટે પૂરતા છે અને તેઓ માત્ર તેમના ઈશારાની રાહ જોઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બચ્ચને લખ્યું કે, 29 ઓક્ટોબરની તેમની પોસ્ટ માત્ર ભગવાન શ્રીકૃષ્ણને યાદ કરીને કરવામાં આવેલી એક પ્રાર્થના હતી. તેમણે ત્યારે કહ્યું હતું કે, "લાવો તમારા હાથી, અમે પણ લાવીશું... હાથી ઘોડા પાલખી, જય કન્હૈયા લાલ કી." પરંતુ મીડિયા આઉટલેટે એવો અહેવાલ આપ્યો કે બચ્ચન તેમના વિરોધીઓને એવું કહીને પડકારી રહ્યા છે કે, "તમારા હાથી અને ઘોડા લઈને આવો." ગુસ્સે થયેલા બચ્ચને હિન્દીમાં વળતો જવાબ આપતાં લખ્યું, "કૃષ્ણ કન્હૈયા માટે પ્રાર્થનાના રૂપમાં અવારનવાર આ મંત્ર જાપ કરવામાં આવે છે - 'હાથી ઘોડા પાલખી, જય કન્હૈયા લાલ કી'. અને મીડિયા તેનો અનાદર કરીને પોતાની પબ્લિસિટી માટે તેને છાપે છે..." બચ્ચને કહ્યું કે, આ માત્ર 'જય શ્રી કૃષ્ણ'ના મંત્રનું ઘોર અપમાન નથી, પરંતુ તેમના શબ્દોને તોડી-મરોડીને રજૂ કરવાનો એક સભાન પ્રયાસ પણ છે.

વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ બોલિવૂડ અભિનેતા ઈમરાન ખાનને હાઈકોર્ટની ફટકાર

વિરોધ કરવાનો અધિકાર OCI કાર્ડધારક માટે નથી: બોમ્બે હાઈકોર્ટ

ભારતની મહાનતા છે કે ફક્ત નોટિસ આપી ઈમરાને બિનશરતી માફી માગી



મુંબઈ, તા. 2 (પીટીઆઈ): બોમ્બે હાઈકોર્ટે સોમવારે અમેરિકી નાગરિક અને બોલિવૂડ અભિનેતા ઈમરાન ખાનને મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રીવીઝન (એસઆઈઆર) મુદ્દે મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સામેના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ સખત ફટકાર લગાવી હતી. અદાલતે સ્પષ્ટપણે નોંધ્યું હતું કે વિરોધ કરવાનો મૂળભૂત અધિકાર માત્ર ભારતીય નાગરિકો માટે જ ઉપલબ્ધ છે, ઓસીઆઈ (ઓવરસીઝ સિટીઝન ઓફ ઈન્ડિયા) કાર્ડધારક માટે નહીં. ઉલ્લેખનીય છે કે વિદેશી પ્રાદેશિક નોંધણી કાર્યાલય (એફઆરઆરઓ) દ્વારા બોલિવુડ સ્ટાર આમિર ખાનના ભત્રીજા ઈમરાનને પ્રદર્શનમાં ભાગ લેવા બદલ 28 ઓક્ટોબર સુધીમાં દેશ છોડવાનો આદેશ આપ્યો હતો તેની સામે અભિનેતાએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરી હતી.

KALAMANDIR
આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ
22 KT 1,27,650/-
18 KT 1,04,400/- 14 KT 81,430/-
વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી
મહેસાણા | ભરૂચ | કોસંબા | +91 95109 70230

GUJARAT ENERGY
Integrated Energy Company
Cleaner FUELS Greener TOMORROW
ગુજરાત એનર્જી લિમિટેડ સાથે ભાગીદારી કરો અને
ભારતનું CBG ઇકોસિસ્ટમ વિકસાવવામાં સહભાગી બનો
Compressed Bio Gas (CBG) – સંકુચિત જૈવિક ગૅસ ભારત ઊર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહ્યું છે ત્યારે ગુજરાત એનર્જી લિમિટેડ (GEL) તેના સંકલિત ઊર્જા પોર્ટફોલિયોમાં કમ્પ્રેસ્ડ બાયોગૅસ (CBG)ને એક મહત્વપૂર્ણ આધારસ્તંભ તરીકે વિકસાવી રહી છે. ભારત સરકારની **ગોબરધન** યોજનાને આગળ ધપાવતાં, **GEL અનુભવી સંસ્થાઓને CBG પ્લાન્ટ સ્થાપવા માટે ભાગીદારીનું આમંત્રણ આપે છે.** આ પ્લાન્ટ્સ દ્વારા જૈવિક-કૃષિ સંસાધનોનું CBGમાં રૂપાંતર કરી પરિવહન અર્થતંત્રને પ્રોત્સાહન આપવા તથા આયાતી LNG પરની નિર્ભરતા ઘટાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.
પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ
200 TPD પ્રસ્તાવિત ક્ષમતા
ગુજરાતમાં 100 TPD અને ગુજરાત બહાર 100 TPD.
વ્યૂહાત્મક સ્થળો
GELના CGD અધિકૃત ભૌગોલિક વિસ્તારોમાં અથવા GTL, GIGLની પાઇપલાઇન નેટવર્કની નજીક.
JV ભાગીદારી
ભાગીદાર દ્વારા ફીડસ્ટોકનું એકત્રીકરણ, ટેક્નોલોજી, EPC તથા લાંબા ગાળાની કામગીરી અને જાળવણી (O&M)નું સંચાલન કરવામાં આવશે. GEL દ્વારા ગૅસ ખરીદવાની ખાતરી આપવામાં આવશે.
EOI સબમિટ કરવાની છેલ્લી તારીખ: ૧૫ ડિસેમ્બર, ૨૦૨૬
વધુ માહિતી માટે મુલાકાત લો: www.gujarat-energy.com

આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)
સીઆઇએન: L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: કે.આર.એમ. ટાવર્સ, આઠમો માળ, હેરીંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.
ટેલિફોન: +91 44 4564 4000 | ફેક્સ: +91 44 4564 4022
IDFC FIRST Bank

પરિશિષ્ટ 4 [નિયમ 8(1)] કબ્જા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે અધોહસ્તાક્ષરકર્તા આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)ના અધિકૃત અધિકારી તરીકે, 'ધ સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002' અને તે હેઠળ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વાંચતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓની રૂએ, નીચે દર્શાવેલ દેવાદાર/સહ-દેવાદારોને માગણી નોટિસ પાઠવીને માંગણી નોટિસ મેળવ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ તથા આગળનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું.
દેવાદાર/સહ-દેવાદારો/જામીનદારો રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા હોવાથી દેવાદાર/સહ-દેવાદારો/જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 સાથે વાંચતા સદર અધિનિયમની કલમ 13ની ઉપ-કલમ (4) હેઠળ મળેલ સત્તાઓની રૂએ આ નોટિસમાં દર્શાવેલ મિલકતનો કબ્જો મેળવી લીધો છે.

લોન એકાઉન્ટ નંબર	દેવાદાર/ સહ-દેવાદાર અને જામીનદારના નામ	ગીરો મુકેલ મિલકતનું વર્ણન	માગણી નોટિસની		કબ્જો લીધાની તારીખ અને કબ્જાનો પ્રકાર
			તારીખ	માગણી નોટિસ મુજબ બાકી રકમ (રૂ.)	
25999678	1. દલસુખભાઈ અંબાભાઈ લુખી 2. અલ્પેશભાઈ અંબુભાઈ લુખી 3. દયાબેન દલસુખભાઈ લુખી	તમામ ભાગ અને પાર્સલ સ્થાવર મિલકત, પરિસર પ્લોટ નં. 60 (મંજૂર પ્લાન મુજબ પ્લોટ નં. B/60), ક્ષેત્રફળ 72.00 ચોરસ વાર એટલે કે 60.28 ચોરસ મીટર, (મંજૂર પ્લાન મુજબ ક્ષેત્રફળ 60.28 ચોરસ મીટર) સાથે રસ્તા અને કો-ઓપરેટિવમાં અવિભાજિત હિસ્સો, "સહકાર બંગલોઝ", જે રેવન્યુ સર્વે નં. 681, બ્લોક નં. 548/b, સબ પ્લોટ નં. 2 પૈકી, મોજે ગામ કઠોર, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકો: કામરેજ, જીલ્લો: સુરત, રાજ્ય: ગુજરાત-394150ની જમીન પર બનેલ છે. ચતુર્સીમાઃ પૂર્વઃ સંલગ્ન પ્લોટ નં. 63, પશ્ચિમઃ સંલગ્ન સોસાયટીનો આંતરિક રસ્તો, ઉત્તરઃ સંલગ્ન પ્લોટ નં. 59, દક્ષિણઃ સંલગ્ન પ્લોટ નં. 61.	30-04-2026	Rs. 16,98,269.80/-	1-Nov-2026 પ્રત્યક્ષ કબ્જો
158350363, 159973799 & 162274508	1. પૂનમ પાંડે 2. નીરજ કુમાર તિવારી	આઇટમ નં. 2:- તમામ ભાગ અને પાર્સલ મિલકત ફ્લેટ નં. 143, પ્રથમ માળ, ક્ષેત્રફળ 199.28 ચોરસ મીટર એટલે કે 85.20 ચોરસ મીટર અવિભાજિત હિસ્સા સાથે "આશીર્વાદ પેલેસ", બિલ્ડિંગ નં. W, જે રેવન્યુ સર્વે નં. 58/1, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 27 (ભટાર - મજુરા), ફાઇનલ પ્લોટ નં. 119 અને રેવન્યુ સર્વે નં. 57 & 56 + 83, ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. 27 (ભટાર - મજુરા), ફાઇનલ પ્લોટ નં. 120 ની જમીન પર સ્થિત છે, મોજે: ભટાર, સુરત શહેર, તાલુકો: ચોર્યાસી, જીલ્લો: સુરત, ગુજરાત-395007. ચતુર્સીમાઃ પૂર્વ: સોસાયટી રોડ/સીઓપી, પશ્ચિમઃ પેસેજ, ઉત્તરઃ માર્જિન, દક્ષિણઃ ફ્લેટ નં. 142.	14.08.2025	Rs. 3,24,11,427.70/-	1-Nov-2026 પ્રત્યક્ષ કબ્જો

દેવાદાર/સહ-દેવાદારો/જામીનદારોને વિશેષ રૂપે અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈ લેવડ-દેવડ કરવી નહીં. આ મિલકત સાથેની કોઈ પણ લેવડ-દેવડ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)ના માગણી નોટિસમાં દર્શાવેલ રકમ, તે પરનું વ્યાજ અને અન્ય ચાર્જીસના બોજાને આધીન રહેશે.
તારીખ: 1-Nov-2026
સ્થળ: સુરત, ગુજરાત
સહી/- અધિકૃત અધિકારી
આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકૃત)

ટેન્ડર નોટીસ

ધી સુરત મ્યુનીસીપલ કોર્પોરેશન ઓફીસ એમ્પ્લોઈઝ કો.ઓ.હાઉસીંગ સોસાયટી લી.સિદ્ધાર્થ કોમ્પ્લેક્ષ સીટી લાઈટ મેઈન રોડ - સુરત. ૩૯૫૦૦૭ મુકામે આવેલ સોસાયટી પરીસર માં આવેલ કુલ ૨૪ બ્લોક (બીલ્ડીંગ) ને જરૂરી સીવીલવર્ક-રીપેરીંગ તથા બહારના ભાગે થી દાદર - પેસેજ પાર્કીંગ સહિત રંગ-રોગાન કરવાનું કામ લેબર + મટીરીયલ (મજુરી+માલ સામાન) સહિત કરવાનું છે. જેથી આ કામના સ્થાનીક અનુભવી ઈજારદારોએ પોતાના ભાવ પત્રક સોસાયટીના નિયત કરેલ પત્રક મુજબ આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન - ૭ (સાત) માં સીલબંધ કવરમાં સોસાયટીની ઓફિસમાં રૂબરુ માં સવાર ના કલાક ૦૯:૩૦ થી ૧૧:૦૦ ના સમય દરમ્યાન (રવિવાર સિવાય) પહોંચતા કરવા. નિયત સમય બાદ આવેલ ભાવ પત્રક ધ્યાને લેવામાં આવશે નહી.
નોંધ:- આ કામ બાબતે જરૂરી માહિતી મેળવવા ઈચ્છતા ઈજારદાર / ઈસમો એ સોસાયટીની ઓફીસમાં હાજર હોદેદારો નો ઉપરોક્ત જણાવેલ સમયે રૂબરુ સંપર્ક કરવો.
મળેલ ભાવપત્રકો પૈકી જે તે ઈજારદાર ને કામ સોંપવા અંગે સોસાયટીની વ્યવસ્થાપક સમિતિનો હક અબાધિત રહેશે.
સુરત, ૩૧-૧૦-૨૦૨૬
પ્રમુખ / સેક્રેટરી

જાહેર હરાજી

આથી રસ ધરાવતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, પ્રાથમિક વિદ્યામંદિર વાઘલધરા, તા.જી.-વલસાડ, વાઘલધરા ગામમાં જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ સંચાલિત શાળા ચાલે છે. જે શાળાના 10 ઘાબાવાળા ઓરડા, 1 પતરાવાળો હોલ અને 1 પતરાવાળો સ્ટોરરૂમ મળી કુલ 12 જર્જરીત ઓરડા તોડવા તેમજ કાટમાળ હરાજી તા. 28/11/2026 ના રોજ 09:30 કલાકે સવારે રાખવામાં આવેલ છે. હરાજી શરૂ થતા પહેલા રૂ. 5000 અંકે રૂપિયા પાંચ હજાર પુરા ડિપોઝિટ પેટે (રીફંડેબલ) ભરવાના રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઈ શકાશે નહીં. હરાજીની તમામ શરતો હરાજી પહેલા વાંચી સંભળાવવામાં આવશે. જે તમામને બંધન કર્તા રહેશે. હરાજીમાં મહત્તમ બોલી બોલનારને કાટમાળ ખરીદવા હકદાર ગણાશે તથા તેઓએ કરેલ બોલીના 25% રકમ તાત્કાલિક સ્થળ પર ચેક દ્વારા અથવા રોકડેથી ભરવાની રહેશે અને બાકીની રકમ શરત પ્રમાણે ભરવાની રહેશે. અન્યથા ડિપોઝિટ ની રકમ જપ્ત કરવા પાત્ર થશે. જાહેર હરાજી મંજૂર, નામંજૂર કે રદ કરવાની તમામ સત્તાઓ S.M.C. પ્રાથમિક વિદ્યામંદિર વાઘલધરાની રહેશે.
મુખ્ય શિક્ષક
પ્રા. વિદ્યામંદિર વાઘલધરા
નં. માહિતી/વલસાડ/૫૨૩/૨૦૨૬
તા.જિ. વલસાડ